# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-05-2025 Day: Monday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## DGMO પત્રકાર પરિષદ-૧:

**ભારતીય સૈન્યના સૈન્ય સંચાલન મહાનિર્દેશક- DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું છે કે ઓપરેશન સિંદૂર હેઠળ , પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં નવ આતંકવાદી છાવણીઓ પર કરવામાં આવેલા હુમલાઓમાં 100 થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા. જેમાં IC-814 ના હાઇજેક અને પુલવામા વિસ્ફોટમાં સામેલ ટોચના આતંકવાદીઓનો સમાવેશ થાય છે.**

બાઈટ.... DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ

-----------------------------------------------------------------------------------------

## DGMO પત્રકાર પરિષદ-૨:

**ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં DGMO દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. આ પત્રકાર પરિષદના મુખ્ય મુદ્દાઓ અંગે સાંભળીએ એક વિશેષ અહેવાલ...**

***(વોઈસ કાસ્ટ-કૃપાલી મહીચ્છા)***

*મીડિયાને માહિતી આપતા લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ કહ્યું કે ઓપરેશન સિંદૂર આતંકવાદના ગુનેગારો અને આયોજકોને સજા આપવા અને તેમના આતંકવાદી માળખાને નષ્ટ કરવાના સ્પષ્ટ લશ્કરી ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યું હતું. ઓપરેશન સિંદૂર ખૂબ જ મહેનત અને સાવધાનીપૂર્વક ચલાવવામાં આવ્યું હતું. જેમાં આતંકવાદી શિબિરો અને તાલીમ સ્થળોની ઓળખ કરી સરહદ પારના આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યું હતું.*

લશ્કરી કાર્યવાહી બંધ કરવા પર બંને દેશો વચ્ચે થયેલ સંમતિ બાદ પણ પાકિસ્તાન દ્વારા સંઘર્ષ વિરામના થયેલા ઉલ્લંઘન વિશે વાત કરતા લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ કહ્યું કે , આ સંમતિનું ઉલ્લંઘન કરવામાં આવશે તો તેનો કડક અને દંડાત્મક રીતે જવાબ આપવામાં આવશે. ડીજીએમઓએ ઓપરેશન સિંદૂરમાં જીવ ગુમાવનારા સશસ્ત્ર દળોના પાંચ શહીદો અને નાગરિકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

તેમણે જણાવ્યું કે 7 થી 10 મે દરમિયાન, નિયંત્રણ રેખા પર તોપખાના અને નાના હથિયારોથી ગોળીબાર થયો હતો , જેમાં લગભગ 35 થી 40 પાકિસ્તાની સૈન્યના જવાનો માર્યા ગયા હોવાના અહેવાલ છે.

ડિરેક્ટર જનરલ એર ઓપરેશન્સ , એર માર્શલ એ.કે. ભારતીએ કહ્યું કે વાયુસેનાએ પોતાના ઉદ્દેશ્યો પ્રાપ્ત કર્યા છે અને બધા પાઇલટ્સ પાછા ફર્યા છે.

તેમણે કહ્યું કે 7 મેની સાંજે, પાકિસ્તાની માનવરહિત હવાઈ વાહનો અને નાના ડ્રોન દ્વારા ભારતના નાગરિક વિસ્તારો અને લશ્કરી સ્થાપનોને ભારે નિશાન બનાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો. એર માર્શલ ભારતીએ જણાવ્યું કે , 8 મેની સાંજે, પાકિસ્તાની માનવરહિત હવાઈ પ્રણાલીઓ અને ડ્રોન દ્વારા ભારતીય વાયુસેનાના અનેક ઠેકાણાઓ પર હુમલાઓ કરવામાં આવ્યા. જેમાં જમ્મુ, ઉધમપુર, પઠાણકોટ, અમૃતસર, ભટિંડા, ડેલહાઉસી, જેસલમેર, નલીયા, વગેરેનો સમાવેશ થાય છે. તાલીમ પામેલા ક્રૂએ હવાઈ સંરક્ષણ પ્રણાલીનો ઉપયોગ કરીને આ તમામ ડ્રોન્સને તોડી પાડી બિન અસરકારક બનાવ્યા હતા. તેમણે કહ્યું કે ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનના હવાઈ મથકો , કમાન્ડ સેન્ટરો , લશ્કરી માળખાગત સુવિધાઓ અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ પર હુમલો કર્યો હતો. તેમણે કહ્યું કે, ભારત તરફથી દુશ્મનને સ્પષ્ટ સંદેશ હતો કે આક્રમકતા સહન કરવામાં આવશે નહીં.

કૃપાલી મહીચ્છા, આકાશવાણી સમાચાર ભુજ

---------------------------------------------------------------------------------

**<u>પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં બેઠક :</u>**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ , વિદેશ મંત્રી એસ. જયશંકર , રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ , સૈન્યનાં વડા જનરલ અનિલ ચૌહાણ , સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી , નૌકાદળના વડા એડમિરલ દિનેશ ત્રિપાઠી અને વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ ઉપસ્થિત રહ્યા હતા.**

---------------------------------------------------------------------------------------

**<u>કચ્છમાં જનજીવન પૂર્વવત:</u>**

**ઓપરેશન સિંદુરના પગલે સરહદી કચ્છ જીલ્લામાં ત્રણ દિવસ બ્લેક આઉટ કરવામાં આવ્યો હતો. બન્ને દેશો વચ્ચે સંઘર્ષ વિરામ થતા હવે જીલ્લામાં જનજીવન પૂર્વવત થયું છે. જિલ્લામથક ભુજ સહીત સમગ્ર જીલ્લામાં સામાન્ય પરીસ્થિતિ છે અને ગઈકાલથી તમામ બજારો સમયસર ખુલી ગઈ છે. નાગરિકો પણ રોજીંદા કામે લાગી ગયા છે. દિવસ દરમિયાન માર્ગો પર લોકોની ચહલ પહલ પણ વધુ જોવા મળી હતી.**

---------------------------------------------------------------------------------------

**<u>હવામાન:</u>**

**આગામી સાત દિવસમાં મહત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી કરવામાં આવી છે. ગત 24 કલાકમાં ભુજમાં સૌથી વધુ 40 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે કંડલા બંદર અને હવાઈમથક પર 38 ડિગ્રી તથા નલિયામાં 36 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.**

**દરમિયાન, હવામાન વિભાગની યાદી મુજબ , આવતીકાલ મંગળવાર સુધી કેટલાક સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.**

**બીજી તરફ, ગઈકાલે દિવસભર અસહ્ય ઉકળાટ બાદ સાંજે 5 વાગ્યાની આસપાસ જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો ભુજ, અંજાર, મુન્દ્રા, સહિતના તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયો હતો.**

**------------------------------------------------------------------------------------**